ડોલર સામે રૂપિયો ૬૦થી નીચે

મુંબઈ,તા. ૨૬

ડોલર સામે રૂપિયામાં ભારે અફડાતફડી જોવા મળી રહી છે. આજે રૂપિયો ૧૦૬ પોઈન્ટ ઘટીને ઐતિહાસિક નીચી સપાટી ૬૦.૭૨ ઉપર રહ્યો હતો. મહિનાના અંતે ડોલરની આયાતકારો તરફથી જોરદાર માંગ અને જંગી મૂડીપ્રવાહ ઉપર ડોલર સામે રૂપિયો ઓલ ટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. આજે કારોબારની શરૂઆત થતાની સાથે જ રૂપિયો ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં ગઈકાલના ૫૯.૬૬ના બંધ આંક સામે ૫૯.૭૪ની નીચી સપાટીએ ખુલ્યો હતો. ત્યારબાદ તરત જ ડોલર સામે રૂપિયો ૫૯.૭૨ની સપાટીએ પહોંચ્યો હતો. ડોલરની માંગ વધુ તીવ્ર બનતા રૂપિયા પર કારોબાર આગળ વધતા તીવ્ર દબાણ આવ્યુ હતુ અને ઇન્ટ્રાડેના કારોબાર દરમિયાન રૂપિયો એક વખતે ૬૦.૭૬ની નીચી સપાટીએ પહોંચ્યો હતો જો કે અંતે ડોલર સામે રૂપિયો ૬૦.૭૨ પર બંધ રહ્યો હતો. આજના કારોબાર દરમિયાન ડોલર સામે રૂપિયામાં ૧૦૬ પૈસાનો જંગી ઘટાડો નોધાયો હતો. ૧૦મી જૂન ૨૦૧૩ના દિવસે રૂપિયામાં ૧૦૯ પૈસાનો ઘટાડો નોંધાયો હતો. એફઆઈઆઈ દ્વારા આજના કારોબાર દરમિયાન શેરમાંથી આશરે ૫૫૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા હતા આની સાથે જ જૂનમાં મૂડી પ્રવાહ આશરે ૯૦૦૦ કરોડ રહ્યો છે. ડેબ્ટ માર્કેટમાંથી એફઆઈઆઈ દ્વારા ૨૫મી જૂન સુધીમાં ૨૭૮૫૦.૨૦ કરોડ રૂપિયા પાછા ખેંચવામાં આવ્યા છે. દરમિયાન જાણકાર લોકોનું કહેવું છે કે આરબીઆઈની નજર રૂપિયા પર કેન્દ્રિત થયેલી છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવુ છે કે જો અ ા ર બ ા ી અ ા ઈ દરમિયાનગીરી કરશે નહીં તો નજીકના ભવિષ્યમાં ડોલર સામે રૂપિયો ૬૨-૬૨.૫૦ની સપાટીએ પહોંચી શકે છે.

બજારમાં અફડાતફડી...

સોના ચાંદી બજાર, ડોલર સામે રૂપિયામાં અને શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. એકંદરે તમામ બજારમાં ભારે અફડાતફડીની સ્થિતિ રહી હતી. સોના ચાંદીમાં પણ મોટો કડાકો બોલાયો હતો. આજે કયા બજારમાં કેટલો ઘટાડો થયો હતો તેનું ચિત્ર નીચે મુજબ છે.

સોનામાં ઘટાડો ૮૦૦	રૂપિયા(અમદાવાદ)
ચાંદીમાં ઘટાડો ૨૦૦૦	રૂપિયા(અમદાવાદ)
રૂપામાં ઘટાડો ૨૦૦૦	રૂપિયા (અમદાવાદ)
સેન્સેક્સમાં ઘટાડો	૭૭ પોઈન્ટ
સેન્સેક્સની સપાટી	૧૮૫૫૨
નિફ્ટીમાં ઘટાડો	૨૦ પોઈન્ટ
નિફ્ટીની સપાટી રહી	૫૫૮૯
રૂપિયામાં ઘટાડો	૧૦૬ પૈસા
રૂપિયાની સપાટી રહી	૬૦.૭૨



રેલવે ટિકિટ રદ્દ કરાવવાનું મોંઘુ પડશે

નવી દિલ્હી,તા. ૨૬

આગામી મહિનાથી રેલવે ટિકિટ રદ્દ કરાવવાની બાબત ખૂબ મોંઘી પડશે. રેલવેએ ભાડા રિફંડ કરવા માટેના પોતાના નિયમોમાં ધરખમ ફેરફાર કર્યો છે. આની સાથે જ ફેરફાર બાદ યાત્રીઓ પર વધારે બોઝ ઝીંકી દેવામાં આવ્યો છે. હવે અન રિઝર્વ ટિકિટ અથવા રિઝર્વેશન, ટિકિટ રદ્દ કરાવવાની સ્થિતિમાં વહેલીતકે નિર્ણય લેવાની જરૂર પડશે. રિઝર્વ ટિકિટના મામલામાં યાત્રીઓને હવે મહત્તમ રિફંડ માટે ટિકિટ ટ્રેન રવાના થવાથી ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલા રદ્દ કરાવવી પડશે. હજુ સુધી ૨૪ કલાક પહેલા સુધી ટિકિટ રદ્દ કરાવવાના મામલામાં સંપૂર્ણ રકમ મળતી હતી. જો કે કેન્સેલેશન ચાર્જ યથાવતરીતે લાગુ હતો. તમામ નવા નિયમો પહેલી જુલાઈથી અમલી બનનાર છે. નોર્થ ઈસ્ટ ફ્રન્ટીયલ રેલવે દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. આમા સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે રેલવે રિફંડ નિયમોમાં સુધારા બોગસ રિફંડના દાવાઓની ફરિયાદોને ઘટાડવા,

પ્રક્રિયામાં સરળતા અને અસરકારકતા લાવવાના હેતુસર કરવામાં આવ્યા છે. નોર્થ ઈસ્ટ ફ્રન્ટીયર રેલવેના મુખ્ય પબ્લિક રિલેશન ઓફિસર એસ હજોગે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ સુધારાઓને લઈને ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. હવે આ સુધારાઓને અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે પેસેન્જર્સ (કેન્સેલેશન ઓફ ટિકિટ એન્ડ રિફંડ ઓફ ફેર)નિયમોમાં છેલ્લા ૧૫ વર્ષથી કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી. મોટી સંખ્યામાં ભારતીય રેલવેની ટિકિટીંગ વ્યવસ્થામાં ચાર્જ રહેલા છે. તેમને એમ પણ કહ્યું હતું કે કોમ્પ્યુટર રાઈઝ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ), કોમ્પ્યુટર રાઈઝ અન રિઝર્વ ટિકિટીંગ સિસ્ટમ (યુટીએસ), રિઝર્વેશન થ્રુ ઈન્ટરનેટ, ઈન્ટેગ્રેટેડ ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ જેવી નવી વ્યવસ્થાઓના પરિણામ સ્વરૂપે રિફંડના નિયમોમાં વ્યાપક સુધારા કરવાની ફરજ પડી છે. પ્રવર્તમાન નિયમોમાં મોટા ફેરફાર થયા છે. રિફંડ નિયમોમાં સુધારા ખૂબ જ કઠોર બનાવવામાં આવ્યા છે. રિઝર્વ ટિકિટ માટે નિયમો જુદા જુદા રહેશે. રિઝર્વ ટિકિટ, અનરિઝર્વ ટિકિટ, એન્ડવાન્સમાં જારી કરવામાં આવેલી ટિકિટો, રિઝર્વ બિન ઉપયોગી ટિકિટો, જુદી જુદા એરકન્ડીશનની ક્લાસ ટિકિટો, ફેમીલી ટિકિટ અથવા પાર્ટી ટિકિટ, આરએસી, ઈટિકિટ, તત્કાલ ટિકિટ માટે રિફંડમાં નિયમો અને સુધારા જુદા જુદા રહેશે. નવા નિયમો હેઠલ રિફંડના દાવા કરવા માટેનો સમય પ્રવર્તમાન ૯૦ દિવસથી ઘટાડીને ૧૦ દિવસ કરી દેવામાં આવ્યો છે. કોઈપણ અસામાન્ય સંજોગોના કેસમાં ટ્રેનની રવાનગીના ૧૦ દિવસની અંદર રિફંડના દાવા કરવા પડશે.

નવા નિયમ મુજબ આરએસી ટિકિટ અથવા તો વેટીંગ લિસ્ટ ધરાવતા યાત્રીઓને રિફંડ મેળવવા માટે ટ્રેનની વાસ્તવિક રવાનગીના ત્રણ કલાક પહેલા તેમની ટિકિટ રદ કરાવવી પડશે. આના માટે ૧લી જુલાઈના દિવસે નવા નિયમ અમલી બની ગયા બાદ ૩૦ રૂપિયાનો ક્લાર્ક એઝ ચાર્જ પણ કપાશે. નવા નિયમો હેઠળ ટ્રેનની રવાનગીના બે કલાક બાદ કોઈપણ રિફંડ મળશે નહીં. હાલના નિયમોમાં ટ્રેનની રવાનગીના ત્રણ કલાક સુધી કેન્સલેશનની પરવાનગી મળેલી છે. સુધારવામાં આવેલા નિયમો છેલ્લી ઘડીએ ટિકિટ રદ કરવામાં ઘટાડો કરી શકાશે અને રેલવેને વેટીંગ લિસ્ટમાં રહેલા અન્ય યાત્રીઓની અપગ્રેડ ટિકિટ કરવા અને કન્ફોર્મ કરવા વધારે સમય રહેશે.

રેલવે દ્વારા જણાવવામાં આવ્યું છે કે આરએસી ટિકિટ અથવા તો તેમની કન્ફોર્મ ટિકિટમાંથી બનાવટી ટિકિટ મેળવવા ઈચ્છુક યાત્રીઓને સેકન્ડ અને સ્લીપર ક્લાસના કેસમાં રૂપિયા ૫૦ ચૂકવવા પડશે જ્યારે પ્રવર્તમાન નિયમ મુજબ ક્લાર્કે જ ચાર્જની ચૂકવણીના બદલે અન્ય ક્લાસના ભાડા માટે યાત્રી દીઠ ૧૦૦ રૂપિયા ચૂકવવા પડશે. પ્રવાસને મોકૂફ કરવા અથવા તો વહેલી તકે આગળ વધારવાની સ્થિતિમાં એ જ ક્લાસમાં રહેશે. વર્તમાન નિયમો યાત્રીઓને કેટલીક શરતો પાળવા માટે ફરજ પાડે છે.

રાજોરીમાં અંકુશરેખા પર ઘૂસણખોરીનો પ્રયાસ થયો

જમ્મુ,તા. ૨૬

ભારતીય સેનાએ જમ્મુ કાશ્મીરના રાજોરી જિલ્લામાં અંકુશરેખા પર ઘૂસણખોરીના વધુ એક પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો હતો. બેથી ત્રણ સશસ્ત્ર લોકો રાજોરી જિલ્લામાં કેરી અગ્રીમ વિસ્તારમાં અંકુશરેખાની ભારતીય બાજુએ નજરે પડ્યા હતા. જાગૃત રહેલા ભારતીય જવાનોને પડકાર ફેંકતા આ શખ્સોએ તેમના પર ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા ઘૂસણખોરો પાછા પાકિસ્તાનમાં ફરાર થઈ ગયા હતા. ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યા બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.

ઘૂસણખોરીના પ્રયાસ એવા સમયે નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો જ્યારે વડાપ્રધાન મનમોહનસિંહ અને યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી બે દિવસની જમ્મુ કાશ્મીરની યાત્રાએ છે.

સમાચાર ઝલક

- વડોદરા-ભરૂચ-સૂરત હાઇવે પર પ્રવાસ વધુ મોંઘે થશે, ટોલટેક્સ ૧લી જુલાઇથી વધશે...
- ડોલરની ખરીદી કરનાર પર આરબીઆઇની બાજ નજર.
- જૂનાગઢમાં જમીન સંપાદનના વિરોધમાં ખેડૂતોનું રસ્તા રોકો આંદોલન, ૨૦૦ વ્યક્તિઓની અટકાયત.
- માળીયા તાલુકાના વાવણીયા ગામે ૧૦૮ વર્ષનાં વૃદ્ધાનું અવસાન, આ ઉંમરે પણ સ્વસ્થ હતા...
- એસ.ટી.દ્વારા એક તૃતીયાંશ મહિલા કંડકટરોની નિમણૂંક કરાશે.
- દિલ્હીમાં જાહેર માર્ગો પર ચોથી જુલાઇએ ૫૦૦ બાઇકરોએ ઘમાવ મચાવી હતી, જેમાં ૬ પોલીસ કર્મીઓને ઇજા થઇ હતી.
- દ્વારકા પાસે પુલ તૂટતાં ટ્રેકટર-બાઇક નીચે ખાબકયા, દંપત્તિનું મોત.
- ઉત્તરાખંડમાં ફરી વાદળો ફાટ્યા, ભેખડો ધસી.
- ભાગી જતી યુવતીઓનાં કેસમાં પોલીસ કેસ નોંધે : ગુજરાત હાઇકોર્ટ.
- ઉત્તરખંડની અસર... અમરનાથ માટેનું બુકિંગ કેન્સલ થવા લાગ્યું...
- દેશભરના જવેલર્સો ૨૫ હજાર ટન સોનું એકત્ર કરશે, બે વર્ષ સુધી સોનાનો ભાવ ઘટવાની આગાહી.
- ભેરી રોગચાળાથી રાજકોટનાં ૪૧ વર્ષીય ડો. તુષાર શાહનું ૧૨ કલાકની માંદગીમાં જ મોત.
- ભારતના નેતાઓ પાસે ૨૦૦ ગ્રામથી ૨ કિલો સુધીનાં સોનાનો સંગ્રહ.
- મુખ્યમંત્રી અમૃતમય યોજનામાં કિડની પ્રત્યારોપણ યોજનાને સમાવવા માગણી.
- કેદારનાથમાં ભારે વર્ષાથી ત્રણ દિવસ રાહત કાર્ય ઠપ્પ રહેશે.
- સોનાક્ષી સિન્હાની એક સાથે બે ફિલ્મ રજૂ થશે.
- લાંચરૂશ્વત વિરોધી બ્યુરો એજન્સી ભ્રષ્ટાચારને રોકવા વિવિધ યોજનાઓ બનાવશે.
- મહેન્દ્રસિંહ ધોની ૩ વર્લ્ડ ટાઇટલ્સ જીતનાર પ્રથમ કેપ્ટન બન્યો.
- સરદારનગરના પોલીસ સબ ઇન્સ્પેક્ટર સસ્પેન્ડ કરતા લોકોએ આતશબાજી કરી, લોકો ત્રાસી ગયા હતા...
- નિયમિત કસરતથી જીવનમાં પાંચ વર્ષનો વધારો થાય છે...
- ડોલર સામે રૂપિયો તૂટવાથી હીરાબજાર ઝંખવાયું, હજારો કારીગરો બેકાર...
- જમ્મુથી શ્રીનગર રેલ્વે લાઇન ખુલ્લી મુકાઇ, સૌથી લાંબી ટનલ છે.

સેનાની બે ટુકડીઓ ફસાતા ચિંતામાં વધારો

ઉત્તરાખંડના કેટલાક ભાગમાં ભારે ધુમ્મસ : વરસાદ પણ પડયો

દહેરાદૂન,તા. ૨૬

ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારોમાં વરસાદને લીધે ફસાયેલા યાત્રિકોને બચાવવા માટે ચાલી રહેલા રેસ્કયુ ઓપરેશનમાં મુશ્કેલી પડી રહી છે. હજુ ૫૦૦૦ જેટલા યાત્રિકો ફસાયેલા હોવાનું કહેવાય છે. આજે સવારે આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાયા બાદ વરસાદ શરૂ થયો હતો એના લીધે બચાવ કાર્ય ધીમી ગતિએ ચાલી રહ્યું છે, મોસમ સાનુકુળ બનવાની સૌ રાહ જોઈ રહ્યા છે. કેટલક વિસ્તારોમાં વરસાદ નથી પણ ભોર ધુમ્મસ હોવાથી હેલિકોપ્ટરો ઉડાન ભરી શકતા નથી.

ઉત્તરાખંડમાં વરસાદ હજુપણ રોકાવાનો નામ લેતો નથી. મોસમ વિભાગનાં જણાવ્યા મુજબ આવનારાં ત્રણ દિવસો સુધી પડોશી રાજ્ય હિમાચલ પ્રદેશ સહિત પહાડો પર ભારે વરસાદ થવાની સંભાવના છે. ટૂંક સમયમાં જ ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં ભારે વરસાદ થવાનો અંદેશો છે. ગઈકાલે સેનાનું હેલિકોપ્ટર તૂટી પડ્યા બાદ આજે વાયુસેનાનાં અધ્યક્ષ એન.એ.કે.બ્રાઉન ઉત્તરાખંડની મુલાકાત લીધી હતી. ગઈકાલે તૂટી પડેલાં આ હેલિકોપ્ટરમાં ૨૦ લોકોએ જીવ ગુમાવ્યો હોવાની આશંકા છે. ૧૯ લોકોનાં મૃતદેહ મળી આવ્યા છે, અન્યોની શોધખોળ ચાલુ છે. આ દુર્ઘટનાનાં કારણે આપત્તિમાં ફસાયેલા હજારો લોકો વ્યથિત છે, પોતાની પીડા ભૂલી જવાનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી રહ્યા છે. એમઆઈ ૧૭ અત્યંત ઉચ્ચ ગુણવત્તા ધરાવતું હેલિકોપ્ટર હતું. ગત વર્ષે રશિયા પાસેથી ખરીદી તેને વાયુસેનામાં દાખલ કરવામાં આવ્યું હતું. આ હેલિકોપ્ટર દ્વારા યુદ્ધ સ્થળે ભારે વાહનો અને ઉપકરણો લઈ જઈ શકાય તેમ હતું. આ હેલિકોપ્ટરમાં રાહત સામગ્રી ઉપરાંત અંતિમ સંસ્કારનો સામાન હતો.

દરમિયાન વરસાદનાં કારણે રાહત અને બચાવ અભિયાનમાં જોડાયેલા જવાનો હવે સંકટમાં ફસાયા છે. બરેલીની ૫૪ એન્જિનિયર રેજીમેન્ટની બે ટુકડી અત્યારે દુર્ગમ વિસ્તારોમાં ફસાઈ છે. આ જવાનોની રેજિમેન્ટ સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક થઈ શકતો નથી જેના કારણે અધિકારીઓની ચિંતામાં વધારો થયો છે. આ ટીમમાં બે જેસીઓ અને ૬૦ જવાનો છે. તેમની સાથેનો સંપર્ક સોમવાર સાંજ પછી તૂટી ગયો છે.

દેશની સૌથી લાંબી ટનલમાંથી આજે પહેલી ટ્રેન પસાર થશે

જમ્મુ,તા.૨૬

વડાપ્રધાન ડો. મનમોહનસિંહ અને યુપીએના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ આજે જમ્મુને કાશ્મીરઘાટી સાથે જોડતીબાનિહાલ કાજીગુંડ રેલવે લાઈન આજે રાષ્ટ્રને સમર્પીત કરી હતી. જમ્મુના રામબન જિલ્લાના બાનિહાલમા આજે બપોરે આયોજિત ભવ્ય સમારોહમાં મનમોહનસિંહ અનેસોનિયા ગાંધીએ બાનિહાલ રેલવે સ્ટેશન પરથી રંગબેરંગી ફૂલોથી શણગારેલી આઠ ડબ્બાની રેલગાડીને લીલીઝંડી આપીને રવાના કરી હતી.

આ પ્રસંગે રેલવેમંત્રી મલ્લીકાર્જુન ખડગે, જમ્મુ-કાશ્મીરના રાજયપાલ એન.એન. વોહરા, રાજ્યના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા, કેન્દ્રીય મંત્રી ગુલામનબી આઝાદ, કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી સૈફુદ્દીન સોજ, સ્થાનિક સાંસદ લાલસિંહ રેલવે બોર્ડના અધ્યક્ષ વિનયમિતલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય રેલવેની સફળતાઓમાં આજે એક નવો અધ્યાય રચાયો છે કારણ કે દેશની સૌથી લાંબી રેલ ટનલ દ્વારા

પહેલીવાર પ્રવાસીઓથી ભરેલી ટ્રેનનો આરંભ થયો છે. રિયાસતની પીરપંજાલની પહાડીઓ વચ્ચે બનીહાલથી કાજીગુંડ સુધી ૧૧.૨૧ કિલોમીટરની એશિયાની બીજા નંબરની સૌથી લાંબી ટનલમાં સફર કરવાની મજા કંઈજ જુદી જ હશે. સાથે સાથે પહાડીઓનાં દૃશ્યો જોવાનો પણ પ્રવાસીઓને મોકો મળશે.

આ રિયાસતનાં મહારાજા પ્રતાપસિંહ અને પછી ઈન્દિરા ગાંધીએ કાશ્મીરને રેલવે લાઈનથી જોડવાનું જે સપનું જોયું હતું તે હવે પૂરું થયું છે. ન્યુઓસ્ટ્રિયા ટર્નલિંગ મેથડથી તૈયાર કરવામાં આવેલી આ ટનલ માટે કુલ ૧૩૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે જેમાં મહત્વની બાબત એ છે કે આ ટનલમાં રંગ-બે-રંગી લાઈટો લગાવવામાં આવી છે અને સાથે એક વૈકલ્પિક રસ્તો પણ બનાવવામાં આવ્યો છે જેથી આપત્તિજનક પરિસ્થિતિમાં પ્રવાસીઓને બહાર કાઢવા માટે તેનો ઉપયોગ કરી શકાય. બનીહાલથી કાજીગુંડ સેક્શનની આ ટનલને તૈયાર થતાં ૮ વર્ષનો સમય લાગ્યો હતો જેમાં ૬૦૦ મજૂરો દિવસ-રાત કામ કરી રહ્યા હતાં. આ ટ્રેકનું ૨૮ ડિસેમ્બર ૨૦૧૨ અને ૧૮ જુન ૨૦૧૩ના રોજ સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. મુસાફરોને સડક માર્ગે બનીહાલથી શ્રીનગર જવા માટે ૧૫૦ રૂપિયા ખર્ચવા પડતા હતાં હવે માત્ર તેઓ ૫૦ રૂપિયામાં જ શ્રીનગર પહોંચી શકશે અને ૯૦ મિનિટનો સમય માત્ર ૩૦ મિનિટમાં પૂરો થવાનાં કારણે પ્રવાસીઓનો સમય બચશે. દેશનાં કોઈપણ ખૂણામાંથી ઘાટીની ટિકીટ લઈને યાત્રીઓ ટ્રેન દ્વારા શ્રીનગર અથવા ઘાટીના અન્ય સ્ટેશનો સુધી પહોંચી શકે છે. આ આધુનિક ટનલમાં સીસીટીવી કેમેરા, ઑક્સિજન મશીનો, અગ્નિશામક યંત્રો, રેડિયો સિસ્ટમ, ધુમાડાની ખબર આપતું મશીન, એસ્કેપરૂટ અને ઈમરજન્સી ટેલિફોનની વ્યવસ્થા કરવામાં આવી છે.

ત્રિકોણીય શ્રેણીમાં ઈન્ડિયા ઈતિહાસ સર્જવા સજ્જ છે

લંડન,તા. ૨૬

ભારત ચેમ્પિયનસ ટ્રોફીમાંજીત મેળવ્યા બાદ હવે ત્રિકોણીય શ્રેણીમાં મેદાનમાં ઉતરનાર છે. આ શ્રેણીમાં પણ ભારત હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. ધોનીના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયાએ ચેમ્પિયનસ ટ્રોફી જીતીને ઇતિહાસ સર્જ્યા બાદ વેસ્ટ ઇન્ડિઝની ધરતી ઉપર વધુ એક ઇતિહાસ રચવા માટે ટીમ ઇન્ડિયા તૈયારીમાં છે. ટીમ ઇન્ડિયાના ખેલાડીઓના ફોર્મને જોતા હાલમાં ભારતીય ટીમને કોઈપણ ટીમ ટક્કર આપી શકે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ભારત, વેસ્ટ ઇન્ડિઝ અને શ્રીલંકા જેવી મજબૂત ટીમો ત્રિકોણીય શ્રેણીમાં ભાગ લઈ રહી છે. ત્રિકોણીય શ્રેણીની પ્રથમ મેચ ૨૮મી જૂનના દિવસે વેસ્ટ ઇન્ડિઝ અને શ્રીલંકા વચ્ચે રમાશે. ભારત પોતાની પ્રથમ મેચ ૩૦મી જૂનના દિવસે યજમાન વેસ્ટ ઇન્ડિઝ ખાતે ક્રિસ્ટન જમૈકા ખાતે રમશે. આ મેચનું પ્રસારણ રાત્રે ૮ વાગ્યાથી કરવામાં આવશે. મોટાભાગની મેચો રાત્રે આઠ વાગે શરૂ થશે જેથી ક્રિકેટ ચાહકોને સરળતાથી તમામ મેચો નિહાળવાની તક મળશે.

ધોનીના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયાએ હાલમાં જ આઈસીસી ચેમ્પિયનસ ટ્રોફીની ફાઈનલમાં ઇંગ્લેન્ડ ઉપર જીત મેળવીને આ ટ્રોફી પોતાના નામ ઉપર કરી હતી. સૌથી શાનદાર દેખાવ બેટિંગમાં શિખર ધવન દ્વારા કરવામાં આવ્યો હતો. શિખર ધવને ચેમ્પિયન ટ્રોફીમાં બે સદી ફટકારીને ક્રિકેટ ચાહકો અને ક્રિકેટ નિષ્ણાંતોને પોતાની તરફ આકર્ષિત કર્યા હતા. જ્યારે બોલિંગમાં રવિન્દ્ર જાડેજા છવાયેલો રહ્યો હતો. આ બંને ખેલાડી ઉપરાંત ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા પણ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે જેથી ટીમ ઇન્ડિયાની તકો વિન્ડીઝમાં પણ ખૂબ વધારે રહેશે. જો કે વિન્ડીઝની વિકેટ ઉપર ઝડપી બોલરો વધારે સફળ થાય છે જેથી શિખર ધવન અને અન્ય તમામ બેટ્સમેનોની કસોટી થશે. શ્રીલંકાની ટીમ પણ મજબૂત દેખાઈ રહી છે.

કનિમોઝીને ટેકો આપવા માટે કોંગ્રેસનો આભાર : દ્રમુક

તામિલનાડુ, તા. ૨૬

રાજ્યસભાની ચુંટણીમાં પોતાની પુત્રી કનિમોઝીને સમર્થન આપવા માટે દ્રમુક અધ્યક્ષ એમ. કરૂણાનિધિએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીનો આભાર માન્યો છે. મંગળવારે રાત્રે સોનિયા ગાંધીને મોકલેલા સંદેશમાં કરૂણાનિધિએ કહ્યું કે, ''હું તમારો દ્રમુક તથા મારા તરફથી આસન્ન રાજ્યસભા ચુંટણીમાં કનિમોઝીને સમર્થન કરવા બદલ આભાર વ્યક્ત કરવા માંગું છું.'' જ્યારે કનિમોઝીએ તામિલનાડુ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ બી.એસ. ગનાદેશિકમને તેનું સમર્થન કરવા માટે ધન્યવાદ આપ્યા છે. તેમણે સૂત્રોને જણાવ્યું કે તે કોંગ્રેસના તરફથી તેમનું સમર્થન કરવામાટે ધન્યવાદ આપવા આવી છે. પરંતુ બંને પાર્ટી વચ્ચે ગઠબંધન વિશે કોઈ ટિપ્પણી કરવાનો તેમણે ઈન્કાર કર્યો હતો અત્રે એ ઉલ્લેખનીય છે કે મંગળવાર રાત્રે કોંગ્રેસે રાજ્યસભાની ચુંટણી દરમિયાન કનિમોઝીને સમર્થન કરવાની ઘોષણા કરી હતી ૨૩૪ સભ્યોવાળી તામિલનાડુ વિધાનસભામાં કોંગ્રેસના પાંચ વિધાયકો છે કોંગ્રેસે રાજ્યસભાની ચુંટણીમાં તામિલનાડુની અન્નાદ્રમુક પાર્ટીના અધ્યક્ષ કનિમોઝીને રાજ્યસભામાં મોકલવા માટે સમર્થન આપવાની ઘોષણા કરી છે.